# ઈમરર્જન્સી સેવાના અડિખમ સેવક

**સંકેત** સોની






108 ઈમરજન્સી સેવા જે સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે. આ ઈમરજન્સી સેવાને લોકો સુધી પહોંચાડવામાં ઘણા બધા લોકોનો ફાળો છે. જેથી આ સેવા ગુજરાતભરમાં ખૂબ જ સફળ છે. અને ઉમદા સેવાનું કાર્ય કરે છે. આ સેવાની શરૂઆત થઇ ત્યારે આ સેવાને શહેરમાં લોકો સુધી પહોંચાડવા માટે સરકારે વૉલેન્ટીર્સ તરીકે ઘણા બધા ઉત્સુક લોકોની નિમણૂક કરવામાં આવી હતી. પણ તે બધા જ લોકો જેમ-જેમ સમય વીતતો ગયો તેમ-તેમ આ સેવામાંથી ખસતા ગયા અને આજે આખા અમદાવાદ શહેરમાં લગભગ ત્રણ કે ચાર વૉલેન્ટીર્સ કાર્ય કરે છે, તો આવો જાણીએ આવી જ સેવા બજાવતા એક વૉલેન્ટીર ''મનોજભાઇ ભાવસાર'' જે પોતે એરકંડિશન ટેક્નિશિયન છે. અને સાથે સાથે ૧૦૮ ઈમરજન્સી સેવાના વૉલેન્ટીર પણ છે.

''મનોજભાઇ પોતે આખા ગુજરાતમાંથી વૉલેન્ટીર તરીકે પ્રથમ જોડાયા હતા. અને ત્યારબાદ આખા ગુજરાતમાં આ પ્રકારે લોકોને નીમવામાં આવ્યા હતા. મનોજભાઇએ ૧૦૮ને પ્રમોટ કરવામાં ખૂબ જ અગ્રિમ ફાળો આપ્યો છે. તેઓ આ કાર્યમાં જોડાયા ત્યારથી આજ દિન સુધી ઘણા બનાવોમાં ૧૦૮ કરતાં પહેલાં સ્પોટ ઉપર પહોંચીને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ૧૦૮ ને બોલાવી હોય તેવું ઘણીવાર બન્યું છે. આવા જ થોડા બનાવો તેમના મુખેથી જાણીએ (૧) મારો પ્રથમ કેસ મેં ઇન્દિરા બ્રિજ ઉપર જોયો હતો. જેમાં એક અકસ્માતમાં એક યુવક ખૂબ જ ગંભીર રીતે ઘવાયો હતો અને ૧૦૮ આવે ત્યાં સુધી કોઇ સારવાર ન મળે તો યુવાનનું મૃત્યુ પણ થાય એવી સ્થિતિ હતી, ત્યારે મેં પ્રાથમિક સારવાર આપીને તે યુવાનને (૧૦૮) આવે ત્યાં સુધી જીવિત રાખ્યો હતો. (૨)તો મનોજભાઇને પૂછ્યું કે સૌથી વધારે સંઘર્ષ અને કટોકટી ક્યારે સર્જાઇ હતી? ''સૌથી વધારે કટોકટી જ્યારે અમદાવાદમાં તોફાનો ફાટી નીકળ્યા હતા ત્યારે સર્જાઇ હતી. અમદાવાદમાં તોફાનો હતા. શાહપુરમાં એક પોળમાં એક વૃધ્ધને હાર્ટ એટેક આવ્યો હતો. અને ત્યારે બંને જૂથ વચ્ચે પથ્થરમારો શરૂ હતો અને ૧૦૮ અંદર પોળમાં જાય તેમ નહોતી ત્યારે પોળમાં ઘર પણ છેલ્લે હોવાથી એ વૃધ્ધને ઉંચકીને ૧૦૮ સુધી લાવવા એ પણ એક સંઘર્ષ મય હતું. અને જ્યારે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા ત્યારે આખે આખી રાત જાગીને જ્યાંથી પણ કોલ આવે ત્યાં તાત્કાલિક પહોંચીને સેવા આપવી એ પણ ખૂબ જ જહેમતભર્યું કાર્ય હતું. અને જ્યારે સિવિલમાં બ્લાસ્ટ થયો ત્યારે ૧૦૮માં એક ડ્રાઇવર મિસિંગ બતાવતો હતો. અને એવી અફવા આવી હતી કે ૧૦૮ને બોમ્બથી ઉડાડી દેવામાં આવી છે. ત્યારે અમને ખૂબ જ ડર પણ લાગ્યો હતો.

**પ્રશ્ન : તમે ૧૦૮ને પ્રમોટ કરવા માટે કયા - કયા કાર્યક્રમ કર્યા છે?**

મેં ૧૦૮ ને લોકો સુધી પહોંચાડવા માટે દરેક સ્કૂલ, કોલેજ માં જઇને ૧૦૮ કેવી રીતે કાર્ય કરે છે એનો ડેમો દેખાડીને યુવાનોને સમજાવ્યું હતું કે ૧૦૮ કેવીરીતે કાર્ય કરે છે. અને ૨૦૦૯ માં ગુજરાત વિદ્યાપીઠમાં ૧૦૮ ઈમરજન્સી કાર્ડ બનાવીને લોકો સુધી પહોંચે તે માટે પણ પ્રયાસ કર્યા છે. ત્યારે ૧૦૮ ને ગાંધીનગરની સ્કૂલોમાં પણ ડેમો બતાવીને છોકરાઓને ૧૦૮ વિશેની માહિતી આપી છે. તો ભાવસાર સમાજના સમૂહલગ્નમાં ૧૦૮નો ડેમો દેખાડીને લાઇવ ૧૦૮ નું કાર્ય દેખાડ્યું હતું. આ પ્રકારની સેવાથી કોઇપણ વ્યક્તિનો જીવ બચી શકે છે. આ માટે મારાથી બનતા તમામ પ્રયોગ કે પ્રયત્નો કર્યા છે. અને મને ઘણી જ સફળતા પ્રાપ્ત થઇ છે. આજે દરેકને ૧૦૮ શું છે એ ખ્યાલ છે.

**પ્રશ્ન :- એવો કોઇ કિસ્સો જેમાં તમે ડેમો આપ્યા બાદ ૧૦૮ ને કોલ કરીને બોલાવી હોય?**

મારા ડેમો વધારે સ્કૂલમાં આપ્યા છે. આથી નાના - બાળકોને પણ ખ્યાલ છે કે ૧૦૮ શું છે. અને કેવી રીતે કાર્ય કરે છે. એક છોકરાએ ૧૦૮માં કોલ કરીને કહ્યું હતું કે મારી મમ્મી સવારથી ઉઠતી નથી. મેં ઘણી વખત ઉઠાડી તો તમે આવો અને જ્યારે ૧૦૮ ત્યાં પહોંચી ત્યારે ખ્યાલ આવ્યો કે તે સ્ત્રીને બી.પી. લો થતાં બેહોશ થઇ ગઇ હતી ત્યારે તેને તાત્કાલિક સેવા આપતાં તેનો જીવ બચી ગયો હતો. આવા તો અનેક કિસ્સાઓ બન્યા છે જેમાં મેં ડેમો આપ્યો હોય તે પછી ૧૦૮ની સેવા નો લાભ ઉઠાવ્યો હોય. ત્યારે ઘણા બધા કિસ્સોમાં તો હું ૧૦૮ થી પહેલાં સ્પોટ ઉપર પહોંચીને પછી ૧૦૮ ને કોલ કરું છું. જેમ કે ઇન્કમટેક્ષ ચાર રસ્તા ઉપર એક અકસ્માતમાં લક્ઝરી પલટી મારતાં ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા હતા. તો સવારે પાંચ વાગે મારા ઉપર કોલ આવ્યો અને હું ગયો અને કાચ તોડીને બધાને બહાર કાઢ્યા બાદ મેં ૧૦૮ ને કોલ કરીને બોલાવી હતી. ત્યારે બીજા એક કિસ્સામાં એક મકાનમાં આગ લાગી જતાં એક વૃદ્ધા બળી ગઇ હતી ત્યારે મેં અંદર જઇને પહેલાં મોબાઇલની લાઇટથી વૃદ્ધાને શોધીને બહાર કાઢી હતી. અને તેને તાત્કાલિક સિવિલમાં દાખલ કરવામાં આવી હતી.

**પ્રશ્ન :- ૧૦૮ના વૉલન્ટીર તરીકે કેમ જોડાવાનું પસંદ કર્યું?**

મેં મારા જીવનમાં ઘણા બધા અકસ્માતો જોયા છે ત્યારે મારે તે ઘાયલ લોકોની મદદ કરવી હતી પણ પહેલાં તો અકસ્માતની ઘટના ઉપર પોલીસ આવે પછી જ કોઇ એક્શન લેવામાં આવતું હતું. આથી હું લાચાર હતો. જ્યારે ૧૦૮ ની સેવા શરૂ થઇ ત્યારે મને સેવા કરવા માટે એક પ્લેટફોર્મ મળી ગયું. એમાં પોલીસ, ફાયરબ્રિગેડ અને દવાખાનું ત્રણ હોવાથી તાત્કાલિક દર્દીને સેવા આપી શકાય છે. આ જ કારણે મેં ૧૦૮ માં જોડાવવાનું પસંદ કર્યું અને હું આમાં મારી યથાશક્તિ પ્રમાણે કાર્ય કરું છું ને કરતો રહીશ.

**પ્રશ્ન :- તમને કોઇ વેતન આપવામાં નથી આવતું તો આ અંગે કશું કહેવું છે?**

આ તો એક સેવાનું કાર્ય છે. આમાં વેતન કરતાં પણ વધારે જરૂર છે, પ્રોત્સાહનની જેમાં કોઇ સર્ટિફિકેટ આપીને સમ્માન કરવામાં આવે કે કોઇ એવોર્ડ આપવામાં આવે તો આના લીધે બીજા લોકો જેને સેવા કરવી છે, તે બધા જ જોડાય અને ગુજરાતમાં ૧૦૮ સેવા ખૂબ જ વિકસે એવું મારું માનવું છે. જો સરકાર આવું કરે તો મારું માનવું છે તે પ્રમાણે અકસ્માતમાં થતો મૃત્યુ આંક ખૂબ જ ઓછો થવા પામે એમ છે. અને ખાસ આ માટે જો એક ટ્રેનિંગ આપવામાં આવે તો ખૂબ જ સારું કહેવાય.

આમ ૧૦૮ ઈમરજન્સીમાં જે કાર્ય કરે છે. તેને લોકો સુધી પહોંચાડવાનું અને ૧૦૮ શું છે એ લોકો જાણતાં થાય એવું એક મિશન લઇને ચાલનાર મનોજ ભાવસાર સાચા અર્થમાં સેવાનું કાર્ય કરે છે. જે ૧૦૮ જેટલું જ સેવાનું કાર્ય છે. ■